**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૪ ટકા

**॥જયંતિ મંગલા કાલી ભદ્રકાલી કપાલિની દુર્ગા ક્ષમા શિવા ધાત્રી સ્વાહા સ્વધા નમોસ્તુતે ॥**

# અનુષ્ઠાન પર્વ : આજથી ચૈત્રી નવરાત્રી



ગાંધીનગર, તા.૨૧

મા વાત્સલ્યમય હોય છે. જે તેના પુત્રોને ક્યારેય નિરાશ ન કરે. મા દુર્ગાના નવ સ્વરૂપ છે જેના દ્વારા દરેક સ્વરૂપે આપણી મનોકામના પૂર્ણ કરે છે. ચૈત્રી નવરાત્રી એટલે ચૈત્ર શુકલ પ્રતિપદા તિથીથી નવમી તિથી સુધી દેવી પૂજા કરવામાં આવે છે.

આ ચૈત્રમાં ચૈત્રી એકમ પ્રતિપદા તા. ૨૧-૩-૨૩ના રોજ રાત્રે ૧૦.૫૦ ક. થી શરૂ થઈ બીજા દિવસ તા. ૨૨-૩-૨૩ના રોજ સાંજે ૨૦.૨૦ ક. સુધી છે. એટલે ચૈત્ર પ્રતિપદા એકમના રોજ પૂજા ઉપાસના માટે ઘટસ્થાપન મુહૂર્ત સવારે ૬.૨૦ ક. થી ૭.૩૦ ક. સુધી છે. ત્યારે મા દુર્ગાની પૂજા ઉપાસના શરૂ કરવી.

ચૈત્રી વર્ષના પ્રારંભમાં આ પૂજા-ઉપાસનાનું ખાસ મહત્વ છે. નવરાત્રીમાં મા ના અલગ અલગ સ્વરૂપોની પૂજા થાય છે. સૌ પ્રથમ તો ઘરની સાફસફાઈ કરી મન શુદ્ધ કરી વિધિસર પૂજા પ્રારંભ કરવામાં આવે છે. દરેક દિશામાં અલગ અલગ દેવી દેવતાનો વાસ છે. એટલે જે દેવી દેવતાની પૂજા ઉપાસના કરવાની હોય તે દિશામાં ખાસ પૂજા કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે. પૌરાણિક માન્યતા મુજબ મા નું ક્ષેત્ર દક્ષિણ દિશા છે એટલે પૂજા સમયે આપણું મુખ દક્ષિણ કે પૂર્વ દિશામાં રાખી સ્થાપન કરવુ જોઈએ. પૂર્વ દિશામાં મુખ રાખી ધ્યાન કરવાથી આપણી પ્રજ્ઞા જાગૃત થાય છે. દક્ષિણ દિશામાં મુખ રાખી પૂજા કરવાથી માનસિક શાંતિ મળે છે અને દિવ્યતા પ્રાપ્ત થાય છે.દેવી પુરાણ મુજબ પ્રાતઃકાળે દેવીનું આવાહન કરી, પ્રાતઃકાળ યોગ્ય મુહૂર્તમાં સ્થાપના કરી પૂજા કરવી. ઉપરોક્ત સમય મુજબ વિધિસર ઘટસ્થાપન કરવુ, દુર્ગા શપ્તશતીની રાત્રીના પાઠ કરવા.

સંપૂર્ણ દુર્ગાસપ્તશતી ત્રણ ચરિત્રમાં વિભાજીત છે. પ્રથમ ચરિત્ર, દ્વિતીય ચરિત્ર અને ઉત્તર ચરિત્ર. જો એક સાથે ત્રણે ચરિત્રનો પાઠ ન થાય તો દરેક ચરિત્ર વાર એટલે કે પ્રથમ ચરિત્ર પછી દ્વિતીય ચરિત્ર (મધ્યમ) ૨જાથી ૪ થો અધ્યાય અને ઉત્તર ચરિત્ર ૫ માંથી ૧૩ અધ્યાય તેમ એક સાથે કરવા. પાઠ રૂકાવટ કર્યા શિવાય પૂર્ણ કરવા. સ્રોત પાઠ માનસિક સ્વરમાં એટલે કે બિલકુલ મંદ સ્વરમાં કરવો શ્રેષ્ઠ છે.

ભારતીય આધ્યાત્મ અને ધર્મમાં જેટલા વ્રતો છે તેમાં નવરાત્ર પૂજા શ્રેષ્ઠ માનવામાં આવેલ છે. શરદ અને વર્ષાઋતુના સાંધિકાળમાં સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ આ વ્રત નવી ઉર્જા, નવી શક્તિ પ્રાપ્ત કરાવે છે.

## જન્મદિને વધામણી



પલ્લવીબેન ત્રિવેદી




તેજસ ગામીત
પ્રમુખ, પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ
મો. ૭૮૭૪૦ ૦૮૭૮૮



અનિલકુમાર છગનલાલ ચાંડક

## સરકારી ઈજનેરી કોલેજ ખાતે ''વુમન્સ હેલ્થ અવેરનેસ'' વિષય પર સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા.૨૧

સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે વુમન ડેવેલોપમેન્ટ સેલ અને રુસા દ્વારા ''વુમન્સ હેલ્થ અવેરનેસ'' વિષય પર સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરાયું હતું. આ સેમીનારમાં વિષય નિષ્ણાત તરીકે શેખાત મેટરનીટી હોમ, ગાંધીનગરનાં સીનીયર ગાયનેકોલોજિસ્ટ ડૉ. નીતા શેખાત ઉપસ્થિત રહયા હતા. આ સેમીનારનું આયોજન ડૉ. શ્વેતા પી. દવે (આચાર્યા)નાં માર્ગદર્શન હેઠળ ડૉ. શાલીની રણકાવત, કન્વીનર, વુમન ડેવેલોપમેન્ટ સેલ તેમજ ડૉ. યામિની પરમાર, કન્વીનર,રુસા દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓને સ્ત્રી સંબધિત રોગ,સર્વાઇકલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર, PCOD જેવા રોગનાં વહેલા નિદાન, નિવારણ અને ઉપચાર માટે માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં ઈકો ક્લબ અને વનસ્પતિ શાસ્ત્ર વિભાગ દ્વારા ''વિશ્વ ચકલી દિવસ'' ની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં આચાર્ય ડૉ.એમ.જી.ભટ્ટના માર્ગદર્શનથી ઈકો ક્લબ અને વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત ''વિશ્વ ચકલી દિવસ'' નિમિત્તે ચકલીના માળા બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.




વિદ્યાર્થીઓએ કોલેજમાં જૂની જર્નલ, નોટબુક અને નકામા ખોંખાના પૂંઠાનો ઉપયોગ કરી વેસ્ટમાંથી બેસ્ટ એવા ચકલીના સુંદર માળા બનાવ્યા હતા. ચકલીના માળાને રંગીન કાગળ, રૂ, લીમડાની સળિયો અને રંગબેરંગી કલરનો ઉપયોગ કરી જુદી જુદી ભાતના માળા બનાવેલ હતા. નિર્ણાયકો દ્વારા આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે દવે નિખિલ પી., દ્વિતિય ક્રમાંકે પુનડિયા ધવલ અને ચૌહાણ નિરાલી તથા તૃતીય ક્રમાંકે મકવાણા નિલેશ અને ઝાલા ધ્રુવરાજસિહ આવેલ હતા.

વિજેતા અને ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એસ.કે.પટેલ અને તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

## નેચર ફર્સ્ટ દ્વારા કોટનની થેલીમાં બટાકા-ડુંગળી જરૂરીયાતમંદોને વિતરણ



ગાંધીનગર, તા.૨૧

નેચર ફર્સ્ટ પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર અભિયાનનો ૮૩ મો શનિવાર વેસ્ટન સીડના નારાયણભાઈ પટેલે ખેડૂતોને મદદરૂપ થાય તે માટે ખેડૂતો જીઆઈડીસી ખાતે કાપડની કોટન થેલીમાં પાસેથી ડુંગળી પેકિંગ કરીને વિતરણ આવ્યું હતું. બટાકા ખરીદી જરૂરિયાતો મંડળ હોય તે ઝૂંપડાવાસી ગરીબોને કોટન થયેલી કપડાની થેલીમાં પેકિંગ કરીને વિતરણ કરવામાં આવ્યું હતું. જીઆઈડીસી એસોસિએશનના હોદ્દેદારો સંસ્કૃતિના રમેશભાઈ પટેલ, આત્માન ફાઉન્ડેશનના કૃષ્ણ પ્રજ્ઞાબેન પટેલ, સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ અને ઈન્ડિયન રેડક્રોસના જીલુભા ધાધલ, કુમારભાઈ લીમાની, અરવિંદભાઈ કનાડા, પાટીલ દાદા, નીલંદુ વોરા, મહેન્દ્ર ચૌહાણ, પ્રવીણભાઈ રામી, જી પી પટેલ તથા નેચર ફર્સ્ટની ટીમના સભ્યોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું પર્યાવરણ પ્રેમી ૫૫૦૦૦ વૃક્ષો વાવી તેનું જતન કરે છે અને બીજાને પ્રેરણા આપે છે.

## જય અંબે પરિવાર ટ્રસ્ટ- ગાંધીનગર દ્વારા ચૈત્રી નવરાત્રીમાં નવાર્ણ મંત્રલેખન માટે આમંત્રણ

ગાંધીનગર, તા.૨૧

ચૈત્રી નવરાત્રી શરુ થઈ રહી છે. આસો માસની નવરાત્રીમાં ભક્તો ગરબે ઘૂમી 'મા' ની આરાધના કરે છે. આસો માસની નવરાત્રી જેટલું જ મહત્વ ચૈત્રી નવરાત્રીનું પણ છે. આ નવરાત્રીમાં ભક્તો યજ્ઞ-યાગ, અનુષ્ઠાન, ઉપવાસ, ધ્યાન, મંત્રજાપ, મંત્રલેખન, ગરબા જેવી પ્રવૃતિઓ દ્વારા 'મા' ના ગુણગાન ગાય છે.

જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓના ભાગરૂપે માતાજીના નવાર્ણમંત્ર (ઓમ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચે) લેખનની પ્રવૃત્તિ ઘણા વર્ષોથી કરવામાં આવે છે. મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતી એ ત્રણેય સ્વરૂપમાંથી પ્રગટ થયેલ એક રૂપ એવા 'મા' ચામુંડા (જગદંબા) ને હું નમન કરું છું- પૂજન કરું છું. એવા હદયના શુદ્ધ ભાવથી નવાર્ણ મંત્રલેખન કરવાથી, લખવાની સાથે સાથે બોલવાનું એમ બેવડું ફળ મળે છે. એમાંય નવલી નવરાત્રીમાં માતાજીના આ મંત્રલેખન કરવાનો મહિમા સવિશેષ છે. જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા નવાર્ણ મંત્રલેખન બુક અને લાલ પેનનું વિતરણ સર્વશ્રી લલિતભાઈ એસ. પટેલ, પ્લોટ નં.૯૭૬/૨, સેક્ટર-૧૩/બી, (મો.૯૮૨૪૩ ૪૯૯૪૦), વિષ્ણુભાઈ જે.પટેલ, ૩૯, શ્રી ઉમિયા બંગ્લોઝ, કુડાસણ, (મો.૯૯૨૫૧ ૯૪૧૦૦), સતિષભાઈ ટી. પટેલ, પ્લોટ નં.૮૫૦/૨, સેક્ટર-૪/સી, (મો.૯૪૨૭૩૦૮૩૦૫), સુનીલભાઈ કે. પટેલ, સી/૧૫, શાંતિનગર, વાવોલ, (મો.૯૮૨૪૬ ૮૪૭૦૨), વિષ્ણુભાઈ જે. કડિયા, પ્લોટ નં.ડી-૭૭, ન્યુ ગ્રીનસીટી, સેક્ટર-૨૬, (મો.૯૯૦૪૮ ૬૩૨૨૨), ચંદ્રેશભાઈ વી. ગાંધી, પ્લોટ નં.૯૩૮/૧, સેક્ટર-૭/સી, (મો.૯૯૯૮૭૨૭૫૫૯), બકુલભાઈ બી. પટેલ, એ-૨, ઉમિયા કોમ્પ્લેક્ષ, સ્વામિ. ધામ, કુડાસણ, (મો.૯૮૭૯૩ ૧૩૧૫૦), રમેશભાઈ એ. પ્રજાપતિ, ૨૭, શાન્તીવીલા બંગ્લોઝ, સરગાસણ, (મો.૯૮૨૫૫૫૧૪૬૧) ના ઘરેથી કરાશે.

## રોટરી કલબ ઓફ કેપિટલના સુત્રધારો બાબા રામદેવની મુલાકાતે પહોંચ્યા

ગાંધીનગર, તા.૨૧

રોટરી કલબ ઓફ કેપિટલના પૂર્વ પ્રમુખ તથા વાડો કાઈ કરાટેના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદભાઈ રાણા, રોટરી કલબ ઓફ કેપિટલના પ્રમુખ પાર્થભાઈ ઠક્કર અને રોટેરીયન જયરામભાઈ ઠક્કર તાજેતરમાં પતંજલિ યોગપીઠની ઔપચારિક મુલાકાતે ગયા હતા. તેઓ દ્વારા હરિદ્વાર સ્થિત પતંજલિ યોગપીઠ ખાતે સંત કુટીરમાં સ્વામી રામદેવના નિવાસ સ્થાને સ્વામી સાથે યોગ તથા દિવ્ય દ્રષ્ટિ જાગરણ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગામી તારીખ ૧ થી ૩ એપ્રિલ દરમિયાન અરવિંદભાઈ રાણા દિવ્ય દ્રષ્ટિ જાગરણની તાલીમ આપવા હરિદ્વાર જશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે અગાઉ પણ અરવિંદભાઈ રાણાના સાનિધ્યમાં આ પ્રકારનો એક વર્કશોપ પતંજલિ યોગપીઠ ખાતે રાખવામાં આવ્યો હતો. આ વર્કશોપની સફળતાને ધ્યાનમાં રાખીને જ અરવિંદભાઈ રાણા દ્વારા વિશેષ રૂપે વિકસિત કરવામાં આવેલી બાળકો માટેના ધ્યાનની પ્રક્રિયા તથા મ્યુઝિક થેરાપી સંબંધે વધુ ઊંડાણપૂર્વક સંશોધન કરવાના આશયથી સ્વામી રામદેવ તથા આચાર્ય બાલકૃષ્ણ દ્વારા આ શિબિરનું આયોજન કરવામાં



આવ્યું છે. પતંજલિ યોગપીઠ ખાતેની આ મુલાકાત દરમિયાન રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સ્વામી રામદેવની સ્મૃતિચિન્હ તથા સાલ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## વિજ્ઞાન કોલેજ ખાતે વિશ્વ વન દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૧

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે કોલેજના ઈકો ક્લબ તથા બોટની વિભાગ દ્વારા 'વિશ્વ વન દિવસ'ની ઉજવણી કરવામા આવી હતી. જેમા વિધ્યાર્થીઓએ ઉત્સાહ્પૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણીના ભાગ રૂપે વિધ્યાર્થીઓએ જુદા જુદા ઔષધિય મહત્વ ધરાવતા તથા અન્ય અલગ અલગ પ્રકાર સુશોભનના રોપાઓનું અવનવી ડિઝાઈન ધરાવતા કુંડાઓમા વાવેતર કરી કોલેજની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

જે અંગે વિધ્યાર્થીઓને ઈકો કલબના ડૉ. પી. પી. પ્રજાપતી તથા વિભાગના અધ્યક્ષ ડૉ. એસ. કે. પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

કમિટીના અન્ય સભ્યો ડૉ. બી. એચ. કરલીકર તથા હીનાબેન આર્ય તથા આચાર્ય દ્વારા 'હેપ્પી યુથ કલબ' દ્વારા 'ચકલી વિક' ની ઉજવણીના ભાગરૂપે અપાયેલ ચકલીના સુંદર માળાઓનું વિતરણ કરાયુ હતુ.



ભગવાન શ્રી એકલીંગજી દાદાનાં પાટોત્સવનો ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ તથા ત્રિવેદી મેવાડા સમાજે ધામધૂમથી પાઠાત્મક લઘુરુદ્ર, શિવ મહિમ્નસ્તોત્ર અને મહા આરતી અને લોક કલ્યાણની પ્રાર્થના કરી ઉજવ્યો હતો.

## બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીએ હસ્તકલા સ્પર્ધામાં કૌશલ્ય બતાવ્યું

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં સેક્ટર-૨૪ ખાતે સર્જનાત્મક કલાઓ વિકસે તે હેતુસર મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત અને યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની તુલસી ઠાકોરે ઉત્સાહભેર ભાગ લીધો હતો. તુલસી ઠાકોરે રંગીન પેપરોમાંથી બાર્બી ડોલ, કાચબો વગેરે જેવી વસ્તુઓ બનાવી પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરના વરદહસ્તે સર્ટિફિકેટ અને ટ્રોફી આપીને ગૌરવ સાથે સન્માનિત




કરવામાં આવ્યા હતા તથા અનેક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૧

મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/સી દ્વારા આનંદનો ગરબો નીતાબેન પટેલ, સ્ટ્રોબેરી બંગલોઝ, સીટી સ્કવેયર મોલની બાજુમાં, રીલાયન્સ ચોકડીથી કંસાર હોટલની આગળ, કુડાસણ, ગાંધીનગર ખાતે તા.૨૨ને બુધવારના રોજ બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે.

## વિશેષ સંસ્થામાં વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૨૧

"વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે" નિમિતે ડાઉન સિન્ડ્રોમ ડિસેબીલીટી જાગૃતિ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા અતિથિ વિશેષ તરીકે વિશેષ એજ્યુકેશન સેન્ટર, કુડાસણ ખાતે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મેયર હિતેશભાઈ મકવાણા, કાઉન્સિલર ડૉ.સંકેતભાઈ પંચાસરા તેમજ વોર્ડ પ્રમુખ કમલેશભાઈ એ સ્પેશિયલ બાળકોને સ્કૂલ બેગનું વિતરણ કર્યું હતું.

આ અવસરે મેયરે વિશેષ એજ્યુકેશન સેન્ટરના ડાયરેક્ટર દિપાલીબેન ઉપાધ્યાય તેમજ પ્રિન્સિપાલ ચિરાગભાઈ ઉપાધ્યાયને આ ભગીરથ કાર્ય બદલ અભિનંદન આપ્યા હતા. તેમજ વધુમાં જણાવ્યું હતું કે આવો સૌ સાથે મળીને દરેક બાળકો માટે સમાન રીતે પ્રેમ તેમજ સંભાળ રાખીએ અને ડાઉન સિન્ડ્રોમને ઓળખીને તે અંગેની જાગૃતિ ફેલાવવામાં મદદ કરીએ.



## જિલ્લા સભ્ય તરીકે શ્રીકેત ત્રિવેદી નિમાયા

ગાંધીનગર, તા.૨૧

ગુરૂજી શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીના આશીર્વાદથી માનવાધિકાર અને મહિલા બાલ વિકાસ સંગઠનમા શ્રીકેત સાત્વીક ભાઈ ત્રિવેદીને જિલ્લાના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ચૌહાણ ગોવિંદભાઈ નારણદાસ ઉ.વ.૮૨, ગાંધીનગર
- સ્વ.રાજપુત શેફાલી પ્રેમકુમાર ઉ.વ.૪૮, ગાંધીનગર